# Std 11 Gujarati Textbook Solutions Chapter 15 એક જ દે ચિનગારી

## સ્વાધ્યાય

### 1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. કવિ ઈશ્વર પાસે શું માગે છે?**

ઉત્તરઃ

“એક જ દે ચિનગારી’ કાવ્યના કવિ ઈશ્વર પાસે એક જ ચિનગારી માગે છે.

**પ્રશ્ન 2. મહાનલ શબ્દ કવિએ કોના માટે પ્રયોજયો છે?**

ઉત્તર :

‘મહાનલ’ શબ્દ કવિએ ઈશ્વર માટે પ્રયોજ્યો છે.

**પ્રશ્ન 3. કવિની ધીરજ ક્યારે ખૂટી જાય છે?**

ઉત્તરઃ

કવિની સગડી સળગતી નથી અને ઠંડીમાં તેની કાયા પૂજે છે ત્યારે તેની ધીરજ ખૂટી જાય છે.

**પ્રશ્ન 4. કવિએ આખી જિંદગી કેવી રીતે ખર્ચી નાખી હતી?**

ઉત્તરઃ

કવિએ આખી જિંદગી ચકમક સાથે લોઢું ઘસવામાં (ઈશ્વરની ઝાંખી માટેના પ્રયત્નમાં) ખર્ચી નાખી હતી.

### 2. નીચેના દરેક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :

**પ્રશ્ન 1. “ન ફળી મહેનત મારી’ એમ કવિ શા માટે કહે છે?**

ઉત્તરઃ

કવિ પરમાત્મા પાસે એક જ ચિનગારી માગે છે. તે મેળવવા માટે આખી જિંદગી પ્રયત્ન કરે છે, પરંતુ તેને તેની ઝાંખી થતી નથી. તેથી તે “ન ફળી મહેનત મારી” એમ કહે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 2. ચાંદા અને સૂરજનાં દૃષ્ટાંત દ્વારા કવિ શું કહેવા માગે છે?**

ઉત્તર :

ચાંદા અને સૂરજનાં દૃષ્ટાંત દ્વારા કવિ કહેવા માગે છે કે ચાંદો અને સૂરજ પરમ તત્ત્વો છે, તેઓને પરમાત્માની ઝાંખી થયેલી જ છે.

**3. નીચેના દરેક પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. આ કાવ્યમાં રજૂ થયેલી કવિની ઝંખના વર્ણવો.**

ઉત્તરઃ

“એક જ દે ચિનગારી’ કાવ્યમાં કવિની ઈશ્વરકૃપા માટેની ઝંખના પ્રગટ થઈ છે. ઈશ્વર મહાનલ છે, વિશ્વાનલ છે. તેના માટે એક ચિનગારી આપવી મુશ્કેલ નથી, પણ તે માટે જીવાત્માની તીવ્ર ઝંખના હોવી જરૂરી છે, જે આ કાવ્યમાં કવિએ શબ્દરૂપે પ્રગટ કરી છે.

તે માટે આખી જિંદગી વિતાવી, છતાં કવિને ઈશ્વરની ઝાંખી થઈ નહિ. તેથી તેની ધીરજ ખૂટી ગઈ છે અને તે ઈશ્વરને વિનંતી કરતાં કહે છે કે હું અધિક માગતો નથી, મારી મોટી મોટી અપેક્ષાઓ નથી. હું તો માત્ર તારી એક જ ચિનગારી માગું છું.

**પ્રશ્ન 2. ‘એક જ દે ચિનગારી’ શીર્ષકની યથાર્થતા ચર્ચો.**

ઉત્તરઃ

“એક જ દે ચિનગારી’ કાવ્યમાં કવિની ઈશ્વરકૃપા માટેની તીવ્ર ઝંખના પ્રગટ થઈ છે. મનુષ્યનું લક્ષ્ય અસત્યથી સત્ય તરફ, અંધકારથી પ્રકાશ તરફ, મૃત્યુથી મોક્ષ તરફ ગતિ કરવાનું છે. પરમાત્મા મહાનલ છે, વિશ્વાનલ છે. તેનાં માટે એક ચિનગારી આપવી મુશ્કેલ નથી.

તેની ઝાંખી માટે કવિએ પણ આખી જિંદગી વિતાવી દીધી, પણ તેને ઈશ્વરની ઝાંખી થઈ નથી. કવિ ઈશ્વર પાસે ધન, સત્તા, કીર્તિ, વૈભવ માગતા નથી, તે તો એક ચિનગારી (તણખો) જ માગે છે. તે જોતાં કાવ્યનું “એક જ દે ચિનગારી’ શીર્ષક યથાર્થ છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in